# શહેરની હોસ્પિટલમાં આંખનું ઓપરેશન થિયેટર બે સપ્તાહથી બંધ : દર્દીઓ પરેશાન

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં આંખ વિભાગનું ઓપરેશન થિયેટર છેલ્લા ૧૫ દિવસથી બંધ હાલતમાં છે. આંખના ઓપરેશન થિયેટરને ઉંદરે નુકશાન પહોંચાળ્યું હોવાથી તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી બંધ કરવામાં આવ્યું છે. જામર અને મોતીયાને લીધે આંખમાં ઝાંખપ આવતા જોઈ નહીં શકતા ૮૦ થી વધુ દર્દીઓના ઓપરેશન અટકી પડ્યા છે. આંખનું ઓપરેશન થિયેટર બંધ રહેતા દર્દીઓને ઓપરેશન વિના ઘરે પરત ફરવાનો વારો આવ્યો છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં દર્દ થી કણસી રહેલા દર્દીઓ સારવાર માટે આવે છે. પરંતુ હોસ્પિટલ સંકુલ તૈયાર કરવા પાછળ કરોડો રુપીયાનો ખર્ચ કરવામાં આવ્યો છે છતા દિન પ્રતિદિન ક્ષતિઓ બહાર આવતી જાય છે. નવી ઈમારતમાં પ્રથમમાળે કાર્યરત આંખ વિભાગના ઓપરેશન થિયેટરને

**અંદાજે ૮૦ થી વધુ દર્દીઓના ઓપરેશન પાછા ઠેલાયા**

ઉંદરે નુકશાન કર્યું છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ઓપરેશન થિયેટર બંધ રાખવામાં આવ્યું છે. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત પ્રમાણે અંદાજે ૧૫ દિવસથી ઓટી બંધ છે જેને પગલે આંખમાં જામર તેમજ મોતીયાને લીધે આંખમાં ઝાંખપ આવતા જોઈ નહી શકતા અને ઓપરેશન માત્ર વિકલ્પ રહ્યો હોય તેવા ૮૦ થી વધુ દર્દીઓના ઓપરેશન અટકી જઈને પાછા ઠેલાયા છે. ઓટી બંધને કારણે દર્દીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. ગાંધીનગર તેમજ આસપાસના જિલ્લામાંથી આવતા દર્દીઓને હોસ્પિટલના ધરમધક્કા ખાઈને ઘરે પરત જવાનો વારો આવે છે. ત્યારે આ અંગે સિવિલ હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયકે જણાવ્યું કે પીઆઈયુ વિભાગ દ્વારા સમારકામ હાથ ધરાયું છે. વાઈરીંગને પણ નુકશાન કર્યું હોવાથી તે પણ સરખુ કરી દેવામાં આવ્યું છે. પરંતુ માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા લીલીઝંડી મળ્યા બાદ ઓપરેશન થિયેટર ટુંક સમયમાં ઓટી કાર્યરત કરી દેવામાં આવશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ભાઈ... તારી છાતી છપ્પનની થાય.. પેટ બાબાની જેમ અંદર રહે.. અને બેંકના કરોડો લઈને વિદેશ જતો રહે તેવા મારા આશીર્વાદ છે.... જા....!!!

## ડૉ. શંકરસિંહ રાણાની ગાંધીનગર રાજપૂત સમાજના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત રાજયના પાટનગર એવા ગાંધીનગરમાં રાજપૂત સમાજના સુસંગઠીત ગઠન હેઠળ શ્રાવણ સુદ અગિયારસના પવિત્ર દિવસે બપોરના ૧.૦૦ કલાકે વાર્ષિક સામાન્ય સભા મળી હતી. આ મિટીંગમાં સમાજના ૫૦૦થી વધુ સભાસદો હાજર રહ્યા હતાં.

આ બેઠકમાં વાર્ષિક હિસાબો ઉપરાંત અન્ય એજન્ડાઓની સાથે સાથે આગામી બે વર્ષના સમાજના પ્રમુખ તેમજ કારોબારીની વરણીનો પણ એક એજન્ડા હતો. જેમાં સમાજના વિકાસ માટે કાર્ય કરી શકે એવા અને આગામી ભવિષ્યમાં સમાજનું સંગઠન મજબૂત બને એટલું જ નહિ, સમાજની જરૂરિયાતને સમજે અને પરિપૂર્ણ કરવાના પ્રયત્નો કરી શકે તેવા સક્ષમ વ્યકિતની જરૂરિયાત હતી.

એજન્ડાના ભાગ સ્વરૂપે સમાજના સર્વાનુમતે સભ્યોએ રાજપૂત સમાજના ૨૦૧૬થી ૨૦૧૮ની કારોબારીમાં પ્રમખ તરીકે ડૉ. શંકરસિંહ રાણાની બિનહરીફ વરણી કરી છે.

ડૉ. શંકરસિંહ રાણા, કોમર્સ કોલેજ, કલોલના પ્રિન્સિપાલ અને મધુર ડેરીના ચેરમેન તરીકે હાલ સેવાઓ આપી રહ્યા છે. એટલું જ નહિ, શિક્ષણોત્તર પ્રવૃત્તિમાં સંકળાયેલ ડૉ. રાણા, ગુજરાત યુનિ.



આચાર્ય મંડળના બિનહરીફ સેનેટ સભ્ય પણ છે. સમાજની લાગણીને ધ્યાને લેતા, આગામી વર્ષોમાં સમાજના સર્વાંગી વિકાસને કેવી રીતે આગળ ધપાવવો તે અંગેની આગવી સુઝ ધરાવે છે. ડૉ. રાણાની સમાજના પ્રમુખ તરીકેની વરણી થતાં સમાજના તમામ સભ્યોમાં ખૂબ આનંદ અને ગૌરવની લાગણી પ્રસરેલ છે. સભાના અંતે સમાજના અગ્રગણ્ય નાગરિકોએ અને શ્રેષ્ઠીઓએ ડૉ. રાણાને અભિનંદન પાઠવ્યા હતાં.



કોબા ગામે આવેલ પ્રાથમિક શાળા ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોબા ગ્રામ પંચાયતના સરપંચ યોગેશભાઈ નાયી દ્વારા બાળકોને સ્વચ્છતા અભિયાન, ગામને આદર્શ ગામ બનાવવા અને વ્યસન મુકિત જેવા સંકલ્પ લેવા આગ્રહ કરાયો હતો તથા શાળાના વિદ્યાર્થીઓને પેન્સિલ, રબર, બોલપેન આપવામાં આવી હતી. આ પ્રસંગે રામભાઈ પટેલ, શિક્ષણ ગણ સ્કૂલના બાળકો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

## સે-૧૪માં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૭

ગુપ્તા સ્પોર્ટસ પરિવાર અને જાગૃત વસાહત ફોરમના સંયુકત ઉપક્રમે સેકટર-૧૪ ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધ્વજવંદન અને દેશ ભકિતના ગીતો બાદ બાળકો માટે વિવિધ રમત ગમતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમાંક મેળવનાર બાળકોને ગુપ્તા પરિવાર તરફથી ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુપ્તા પરિવારના રાજીવ ગુપ્તા, ઉમેશ ગુપ્તા તેમજ જાગૃત વસાહત ફોરમના મહેન્દ્રભાઈ ચૌહાણ, ઉષાબેન ચૌહાણ, ચંદ્ર ફોટોના શર્માજી તથા અન્ય વસાહતીઓ, બાળકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રમુખ સ્વામીના નશ્વર દેહને પુષ્પાંજલિ અર્પતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહ

ગાંધીનગર, તા. ૧૭

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહે પૂજ્ય પ્રમુખ સ્વામીના પાર્થિવ દેહને પુષ્પાંજલિ આપી હતી. તેઓએ શ્રદ્ધાસુમન આપતા જણાવ્યું હતું કે પ્રમુખ સ્વામીએ સંસ્કાર કેન્દ્ર દ્વારા સમાજ જીવનમાં ધર્મના સંસ્કારો આપ્યા હતા. તેઓએ કર્મથી જ જીવન સંદેશો આપ્યો હોઈ એમ કહીને શાહે ઉમેર્યું હતુ કે પ્રમુખ સ્વામીએ કરોડો લોકોને વ્યસનમાંથી મુક્તિ અપાવીને બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. સદીઓ સુધી પ્રમુખ સ્વામીનું જીવનકાર્ય અને તેમનો સંદેશ સમાજ જીવનને માર્ગદર્શન આપતુ રહેશે એવી શ્રદ્ધા તેઓએ વ્યક્ત કરી હતી.


ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧


## સે-૧૨ ખાતેથી જુગાર રમી રહેલા છ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટર-૧૨ ખાતે રીનોવેશન હેઠળના એક સરકારી બ્લોકની પાછળ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સેકટર-૭ પોલીસે દરોડો પાડી છ શકુનીઓને પકડી પાડયા હતા. રૂ. ૧૩,૬૮૦ રોકડ સહિત રૂ. ૧૬ હજારના મુદ્દામાલ સાથે છની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેર તથા આસપાસ વિસ્તારમાં શ્રાવણીયા જુગારનો રંગ પકડાયો છે ત્યારે વધુ છ શકુનીઓ શ્રાવણીયો જુગાર રમતા પોલીસની ઝપટે ચઢયા છે. સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ

**રૂ. ૧૬ હજારના મુદ્દામાલ સાથે છની ધરપકડ**

એમ.પી. ચૌહાણ તથા તેમની ટીમે બાતમીને આધારે ૧૫મી ઓગષ્ટે મોડી સાંજે સે-૧૨માં દરોડો પાડયો હતો. સે-૧૨, ઘ-૨ ટાઈપ બ્લોક નં. ૭૭ની પાછળ જુગાર રમાઈ રહ્યો હતો. આ સરકારી બ્લોકનું રીનોવેશનનું કામ ચાલી રહ્યું છે. તેની પાછળ જુગાર રમવા બેસી ગયેલા અંકિત રામા પરમાર, રાકેશ અમૃત પરમાર, પરસોત્તમ ભીખા પુરવીયા, નિલેશ હસમુખ પરમાર, વિપુલ પુરુષોત્તમ રાઠોડ અને નરેન્દ્ર ડુંગર પરમાર મળીને છ શખ્સોને સે-૭ પોલીસે પકડી તેમની પાસેથી રૂ.૧૩,૬૮૦ રોકડા તથા રૂ.૨૭૦૦ની કિંમતના મોબાઈલો મળીને કુલ રૂ. ૧૬,૩૮૦ની મત્તા જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દ્વારકેશ રેસિડેન્સીમાં સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

### વહેલી સવારે બાળકોએ પ્રભાતફેરી યોજી : ધ્વજવંદન બાદ સામાજિક જાગૃતિ અંગે રેલી કાઢી : સાંસ્કૃતિક કાર્યક્રમો અને રમતોત્સવ યોજાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના વાવોલ ખાતે દ્વારકેશ રેસિડેન્સીમાં ૭૦માં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રભાતફેરી, ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમ, સામાજિક જાગૃતિ રેલી તથા રમતગમત યોજાયા હતા.

સ્વાતંત્ર્યતા દિવસની પરોઢે સોસાયટીના બાળકો દ્વારા પ્રભાતફેરી કાઢવામાં આવી હતી. ત્યારબાદ ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સોસાયટીના રહીશોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. ધ્વજવંદન બાદ તમામ રહીશોએ રેલી કાઢી સોસાયટી તથા તેની આસપાસના વિસ્તારમાં સામાજિક જાગૃતિ અંગેના વિષયો જેવા કે બેટી બચાવો, સ્વચ્છતા જાળવો, પર્યાવરણ બચાવો તે અંગે સંદેશો પાઠવ્યો હતો. રેલી બાદ સોસાયટીમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા તથા મહિલાઓ દ્વારા પણ રસપ્રદ કાર્યક્રમ યોજાયા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમના અંતે સોસાયટીમાં વિવિધ રમતોનો રમતોત્સવ ઉજવાયો હતો જેમાં અબાલવૃદ્ધ સૌ કોઈએ ભાગ લીધો હતો. દ્વારકેશ સોસાયટીમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી દ્વારા સોસાયટીના બાળકોમાં રાષ્ટ્રભાવના પ્રબળ થાય તે અંગે ખાસ આયોજન કરવામાં આવે છે.

## શ્રાવણમાં ઘરફોડ ચોરીઓ વધી : વધુ ત્રણ ઘરફોડ

### સે. ૯ અને સે. ૩માં તસ્કરોનો હાથફેરો : કુડાસણ પ્રતિકમોલ પાછળ ઊર્જાનગર-૨માં પખવાડીયામાં ત્રીજીવાર ઘરફોડ થઈ

ગાંધીનગર, તા. ૧૭

શહેર તથા આસપાસના વિસ્તારોમાં થોડા સમયથી ઘરફોડીયાઓની શાંતી થઈ ગઈ હતી પરંતુ શ્રાવણમાં ફરી ઘરફોડીયાઓ એટેક મોડ પર આવી ગયા છે. શ્રાવણમાં ઘરફોડ વધવા પાછળનું એક કારણ જુગાર પણ હોઈ શકે તેવું નિવૃત્ત પોલીસ ઓફીસર્સ માને છે. જુગારમાં કે સટ્ટામાં હાર-જીત બાદ દેવાદાર થનાર કોઈ પણ હદે જઈ શકે છે જેને લઈ ઘરફોડ, લુંટ, ચોરી અને ખાસ કરીને ચેઈન સ્નેચીંગ કરી ઝડપથી રૂપિયા ભેગા કરવા લાગી જતા હોય છે. બે દિવસમાં શહેરમાં બે સ્થળે તથા કુડાસણમાં એક સ્થળે ઘરફોડ થવા પામી છે. જે પૈકી બે ચોરી અંગે ફરીયાદ નોંધાવા પામી છે.

શહેરના સેક્ટર-૩-એ પ્લોટ નં. ૬૪/૧ ખાતે રહેતા બિન્ની શ્રીધરન ગાર્ડનીંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૧૫મી ઓગષ્ટે બપોરે અઢી વાગ્યે તેમની બહેનના ઘરે પરિવાર સાથે અમદાવાદ ગયેલા બિન્ની શ્રીધરન સાંજે સાડા આઠ વાગ્યે પરત આવ્યા અને મુખ્ય દરવાજાનું તાળુ ખોલીને અંદર રૂમમાં પ્રવેશ્યા તો તિજોરી ખુલ્લી હતી અને સર-સામાન વેરવિખેર પડેલો હતો.

મકાનના પાછળના રૂમના દરવાજાની જાળી ખુલ્લી હતી તેમાંથી મકાનમાં ઘુસીને તસ્કરો સોનાની ચેઈન, વીંટી, કંદોરો, પાયલ, લકી અને બુટ્ટી સહિતના રૂ. ૧.૯૫ લાખના સોનાના દાગીના ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ મામલે પીએસઆઈ એમ.પી. ચૌહાણે સે. ૭ પોલીસ મથકમાં ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ સેક્ટર-૯-ડી પ્લોટ નં. ૨૮૧/૪ ખાતે રહેતા અને નવા સચિવાલય બ્લોક નં. ૯/૨માં સિંચાઈ વિભાગમાં ડેપ્યુટી એન્જીનીયર તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર રામચંદ્ર પવારના મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યુ હતુ. ૧૩ ઓગષ્ટની સવારથી ૧૫ ઓગષ્ટ બે દિવસ મકાન બંધ હતુ ત્યારે દરવાજાનું તાળુ તોડીને અંદર ઘુસેલા તસ્કરો તિજોરીનું તાળુ તોડી અંદરથી રૂ. ૨૫ હજાર રોકડા, લેપટોપ, ચાંદીના સિક્કા મળી રૂ. ૫૦ હજારની મત્તા ઉઠાવી ફરાર થઈ ગયા હતા. રાજેશકુમારની ફરીયાદ આધારે સે. ૭ પીએસઆઈ એચ.ડી. ચૌધરીએ ગુનો નોંધી ગુનાની તપાસ આરંભી છે.

તે ઉપરાંત કુડાસણ પ્રતિક મોલની પાછળના વિસ્તારમાં સ્થિત ઊર્જાનગર-૨ સોસાયટીને તો તસ્કરોએ પ્રેકટીસ પોઈન્ટ બનાવી દીધુ હોય તેવું લાગે છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ છેલ્લા પખવાડીયામાં આ સોસાયટીમાં ગઈ રાત્રે ત્રીજીવાર ઘરફોડ થવા પામી હતી. થોડા દિવસ પહેલા એક ભાડુઆતના મકાનમાં ત્યાર બાદ અન્ય એક અને ગઈ રાત્રે વડોદરા રહેતા હેમંતભાઈ શેઠના આ સોસાયટી સ્થિત મકાનમાં ઘરફોડ થવા પામી છે. અંદરથી ચાંદીની નાની મુર્તિ સહિતનો સામાન્ય મુદ્દામાલ ચોરાયો છે. જો કે આ સોસાયટીની ત્રણેય ઘરફોડમાં કોઈ મોટી મામલત્તાની ચોરી થઈ ન હોવાથી કોઈએ પોલીસ ફરીયાદ નોંધાવી ન હોવાનું જાણવા મળ્યું છે.



ગાંધીનગર સેકટર - ૧૧ ખાતે આવેલા જીવન વીમા નિગમના સંકુલ પાસેથી પસાર થઈને અખબાર ભવન તરફ જતા માર્ગ ઉપર એક ગાય અચાનક આક્રોશમાં આવી જતાં અનેક વાહનચાલકોને અડફેટે લીધા હતા. આ માર્ગ ઉપરથી પસાર થતાં દ્વીચક્રી વાહનચાલકો ઉપર રોષે ભરાયેલી આ ગાયે ચારેક વાહનચાલકોને પછાડી દીધા હતા. તો કેટલાંક લોકો વાહન રસ્તા ઉપર છોડીને ભાગી છુટયા હતા. ગાયે અડફેટે લીધેલા વાહનચાલકોમાં બે લોકોને ઈજા થવા પામી હતી. જેમાં એક વાહનચાલક રમેશભાઈ ચૌધરીને ડાભી, છાતીના ભાગે, ખભાના ભાગે, ઘુંટણ અને હાથના ભાગે લોહી નીકળતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી. ગાંધીનગરમાં માર્ગો ઉપર આવીને વાહનચાલકોને અડફેટે થઈ રહેલી અનેક ગાયો સામે તંત્ર દ્વારા કોઈ પગલાં ભરવામાં નહી આવતાં આજે ગાય દ્વારા અડફેટે લેવાયેલા વાહનચાલકોમાં ઉગ્ર આક્રોશ જોવા મળ્યો હતો.






## સેકટર-૩-ન્યુ ખાતે સ્વાતંત્ર્ય દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

સ્થાનિક વસાહત મંડળ, નવ દુર્ગા સેવા ટ્રસ્ટ અને નવરાત્રી મહોત્સવ સમિતિના સંયુકત ઉપક્રમે સેકટર-૩-ન્યુ ખાતે ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટરના ૨૨થી વધુ બાળકોએ સ્ટેજ શૉ કરી વિવિધ કલાઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં સેકટરના વસાહતી અને પૂર્વ આચાર્યા મણીબેન દેસાઈના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ કાર્યક્રમમાં સેકટરના વસાહતી અને પૂર્વ નાયબ સચિવ હિમાંશુભાઈ વ્યાસ, વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા, મહામંત્રી દુષ્યંતકુમાર શ્રીમાળી, નવ દુર્ગાસેવા ટ્રસ્ટ અને નવરાત્રી સમિતિના પ્રમુખ સંજય પટેલ, મહામંત્રી બિપીનભાઈ પરમાર તથા ત્રણેય મંડળોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## બસો બ્યાસી વણકર સમાજ દ્વારા જમીન આપવા બાબતે મુખ્યમંત્રી સમક્ષ માંગ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં દરેક સમાજને સરકારશ્રી તરફથી ધાર્મિક-સામાજીક હેતુસર જમીનની ફાળવણી કરવામાં આવી છે. જેમાં કેટલાક સમાજ સંસ્થાઓને ત્રણ-ચાર જગ્યાએ જમીન ફાળવવામાં આવી છે. ફક્ત વણકર સમાજને જ જમીન ફાળવવામાં આવી નથી. જેના પગલે ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજ દ્વારા મુખ્યમંત્રીને જમીન ફાળવવા અંગે માંગ કરી છે.

ગાંધીનગર વસાહતી બસોબ્યાસી વણકર સમાજના પ્રમુખ મધુકર પરમારના જણાવ્યા મુજબ ગાંધીનગર શહેરમાં ત્રણ હજારથી વધુ વણકર સમાજના પરિવારો વસવાટ કરે છે. તેમને ધાર્મિક કે સામાજીક હેતુ માટે કોઈ સ્થળ ન હોઈ સમાજ ગુંગણામણ અનુભવે છે. અને સમાજમાં રોષની લાગણી ફેલાયેલ છે. કારણ કે છેલ્લા દસ વર્ષથી આ સંસ્થા જમીન ફાળવવા રજૂઆત કરે છે. આ સંદર્ભે સંસ્થાએ મુખ્યમંત્રી રૂપાણીને શુભેચ્છા પાઠવી પાંચ હજાર ચો.વાર જમીન ફાળવવા સંબંધિત લેખિત રજૂઆત કરવામાં આવી છે.

## ખૂણે ખાંચરેથી...

● રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ આજે ખરીદી માટે બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી.

● પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની અંતિમ વિધિના જીવંત પ્રસારણને લઈ આજે પાટનગરના માર્ગો સુમસામ ભાસતા હતા.

● ગાંધીનગર મહાનગર પાલિકાના કાઉન્સીલરો પ.પૂ. પ્રમુખસ્વામીના અંતિમ દર્શન કરવા ગઈકાલે સાળંગપુર ગયા હતા.

● કલાગુર્જરી દ્વારા ''શામળા ગિરધારી'' નામક સંગીતનો રસપ્રદ કાર્યક્રમ ટાઉનહોલ ખાતે યોજાયો હતો.

● ગાંધીનગર શહેરી મેલેરિયા તંત્રએ આજે રજાનો દિવસ હોવા છતાં તેની કામગીરી ચાલુ રાખી હતી.

● શ્રાવણમાસને લઈ વાસનના વૈજનાથ મહાદેવ ચાલીને જનારા શિવભક્તોની સંખ્યામાં આ વર્ષે વધારો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી ઉકળાટ જોતાં ટુંકમાં જ વરસાદ આવશે તેમ ખેડૂતોનું કહેવું છે.

## ગાયત્રી પરિવારની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

ગાયત્રી શકિત પીઠની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગર એસટી ડેપોમાં ફરજ બજાવતા તમામ ડ્રાઈવર - કંડકટર ભાઈઓને હાથે રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ડેપો મેનેજરનો સાથ અને સહકાર સાંપડયો હતો.

## આજથી અક્ષરધામ મંદિર ભકતો માટે ખુલ્લુ રહેશે

ગાંધીનગર શહેરનું સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિર છેલ્લા ત્રણ દિવસથી બંધ હતું.શહેરના આ મંદિરમાં રોજના હજ્જારો ભકતો દર્શન માટે આવે છે. પરંતુ સ્વામીનારાયણ સંપ્રદાયના પૂજય પ્રમુખ સ્વામી મહારાજ બ્રહ્મલીન થતા અક્ષરધામ મંદિરના તમામ સાધુસંતગણ સાળંગપુર જવા રવાના થયા હતા. પ્રમુખ સ્વામી મહારાજના બ્રહ્મલીન થવાને પગલે અક્ષરધામ મંદિર ત્રણ દિવસ બંધ રાખવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ તા.૧૮ ઓગષ્ટથી નિયત સમય પ્રમાણે અક્ષરધામ મંદિર ભકતો માટે દર્શનઅર્થે ખુલ્લુ રહેશે તેમ મંદિર પરિવાર દ્વારા જણાવાયું છે.

## ૧૫ વર્ષીય સગીરાનું અપહરણ

ગાંધીનગર નજીક આવેલા એક ગામની ૧૪ વર્ષ છ મહિનાની સગીરાને ફિરોજપુર ગામનો યુવાન શખ્સ લલચાવી ફોસલાવીને ભગાડી ગયો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાવા પામી છે. શૈલેષ સોલંકી નામના યુવાન શખ્સ સામે સગીરાના પિતાની ફરિયાદને આધારે ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને આરોપીને પકડવા તથા સગીરાને મુકત કરાવવા તજવીજ શરૂ કરી છે.

## સે-૭ ચૌધરી શાળા ખાતે રક્ષાબંધનની ઉજવણી કરાઈ

સેકટર-૭ સ્થિત જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સે-૨ બ્રહ્માકુમારીઝ દ્વારા સર્વે સ્ટાફને રાખડી બાંધી મોં મીઠું કરાવીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓને રક્ષાબંધન તહેવારની ઉજવણીનો હેતુ અને મહત્વ સમજાવ્યું હતું.